**ક્રમાંક–૧૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૧૬મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૬ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૭૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રભારી ન હોય તેવા મંત્રીશ્રી દ્વારા જવાબ આપવા અંગે**

સભ્યશ્રી શૈલેષ પરમારે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક–૧૧ની ચર્ચા દરમિયાન બનાસકાંઠા જિલ્લાના ગૃહ વિભાગના પ્રશ્નનો જવાબ રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવિણભાઇ માળીએ આપવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે વિધાનસભાના નિયમો અને પ્રણાલી મુજબ જે વિભાગનો પ્રશ્ન હોય એ વિભાગના મંત્રીશ્રી એનો જવાબ આપતા હોવાથી તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દે સભ્યશ્રી રમણલાલ વોરા, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, સભ્યશ્રી અમિત ચાવડા, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શૈલેષ પરમારના પોઇન્ટ ઓર્ડરને મંજૂર કરતાં જણાવ્યું કે, વિધાનસભામાં જવાબ આપવાની જવાબદારી સંયુકત રીતે કેબિનેટની છે, પરંતુ અનિવાર્ય સંજોગો સિવાય પત્રકમાં જણાવેલ વિભાગના મંત્રી સિવાય અન્ય વિભાગના મંત્રીશ્રીએ જવાબ આપવાથી દૂર રહેવું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**તા. ૧૧–૩–૨૦૨૬ના રોજ પ્રશ્નોત્તરી બાદ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીના પોઇન્ટ ઓફ ઓર્ડર સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

તા. ૧૧–૩–૨૬ના રોજ પ્રશ્નોત્તરીકાળ બાદ માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ કે તા. ૨૪–૨–૨૦૨૬ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપેલ હોવા છતાં માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ પ્રશ્નની માહિતી પ્રેસ–મીડિયા સમક્ષ નિવેદન આપી સાર્વજનિક કરેલ હોવાથી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગેલ. તત્સમયે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય મુલતવી રાખ્યો હતો.

સભાગૃહની ગરિમાને હાનિ પહોંચે તેવી પ્રવૃત્તિઓ કરવાથી સર્વ સભ્યશ્રીઓએ દૂર રહેવા તેમજ લોકશાહી શાસન વ્યવસ્થામાં ઉચ્ચ વાણી, વ્યવહારની અપેક્ષાનું ઉલ્લંઘન ન કરવા તેમજ કોઇપણ જનપ્રતિનિધિની માનહાનિ થાય કે સભાગૃહનું અવમાન થાય તેવી કોઇપણ બાબત સાર્વજનિક કરવી તે ઉચિત ન હોવાનું જણાવી સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાને ઠપકો આપી ભવિષ્યમાં આ બાબતે પૂરતી તકેદારી રાખવા તેમજ સર્વ સભ્યશ્રીઓને માત્ર તથ્ય આધારિત દસ્તાવેજો સિવાય જાહેર દસ્તાવેજોમાં કોઇપણ જાતના ફેરફાર, અનુમાન કે કાલ્પનિક રીતે સાર્વજનિક ન કરવા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

તા.૨૫–૦૨–૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શામજીભાઇ ચૌહાણના '' વાયબ્રન્ટ ગુજરાત રીજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોન)'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૮/૭૭૨ (અગ્રતા–૮) ના અનુસંધાને માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા દ્વારા માગવામાં આવેલ વધારાની માહિતી.

**માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રી ડૉ.જયરામ ગામીત**

**૫. વિધાનસભાની સમિતના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો બારમો અહેવાલ રજૂ કર્યો.

**૬. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૭, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૯ તથા કલાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૭ માનનીય વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, કલાઇમેટ ચેન્જ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ રજૂ કરી.

જેમ જેમ માગણીઓ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ , માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ અને ૨૧ , માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ તથા માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.તુષાર ચૌધરી (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) (૨) ડૉ. કુબેરભાઇ ડીંડોર

**૮. માનનીય સભાપતિશ્રીની ટકોર**

માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સભાગૃહમાં મોટાભાગના સભ્યશ્રીઓ હાજર ન હોઇ, સભ્યશ્રીઓને સભાગૃહમાં હાજર રહેવા અંગે બંને પક્ષના દંડકશ્રીઓ તરફથી સૂચના આપવા અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિશ્રીએ ટકોર કરી.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી કુંવરજીભાઇ હળપતિ (૫) શ્રી કાન્તીભાઇ ખરાડી

(૪) શ્રી ભરતભાઇ પટેલ (૬) શ્રી ભગાભાઇ બારડ

**૧૦. માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

**મેડિકલ કેમ્પના આયોજન અંગે.**

ધારાસભ્યશ્રીઓ તથા પત્રકારશ્રીઓ માટે ગાંધીનગર એક્રીડિટેશન પ્રેસ કલબ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૮–૩૦ કલાકથી ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે મેડિકલ કેમ્પના આયોજન અંગેની જાહેરાત અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિશ્રી દ્વારા કરવામાં આવી

**(વિરામ બપોરના ૨–૩૪ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી ફતેસિંહ ચૌહાણ (૧૦) શ્રી મોહનભાઇ કોંકણી

(૮) શ્રી દિનેશસિંહ કુશવાહા (૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા

(૯) શ્રી ચૈતરભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી તથા કલાઇમેટ ચેન્જ અને માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ આપ્યો.(ચર્ચા અધૂરી)

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

સરકારના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો માગણી ઉપરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૪૫ કલાક)

**૧૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ જવાબ વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, કલાઇમેટ ચેન્જ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પૂરો કર્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૫૪, ૮૯ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૨૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.